સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

અઘકચરા જ્ઞાનનો, ગણગણાટ બહુ હોય છે,
ને ઓછી મૂડી વાળાનો, ખનખનાટ બહુ હોય છે,
જોવાય ના રૂપ બાહ્ય, જરૂરી સૌંદર્ય આત્માનું -
ખેલે પારકે પસીને, 'થનગનાટ' બહુ હોય છે.

હાઈકુ

થઇ ન જાય!
સાભ્રમતી આરતી -
યાંત્રિક ક્રિયા...

પોષાય પંચ,
વરસો નાં વરસ -
ન્યાય ઠેલવા...

ચિંતન

સન્તઃ ક્વાપિ ન સન્તિ, સન્તિ યદિ વા દુખેન જીવન્તિ તે, વિદ્વાંસો અપિ ન સન્તિ,
સન્તિ યદિવા માત્સર્ય યુક્તાંશ્ચ તે રાજા અપિ ન સન્તિ સન્તિ યદ્દિ વા લોભદ્ધન ગ્રાહિણો,
દાતારો અપિ ન સન્તિ, સન્તિ યદ્દિવા સેવાનૂ કુલાઃ ખલો ॥ ૨૬ ॥

આ કળિયુગમાં :

● સંત જનો ક્યાંય રહ્યા જ નથી, જે થોડા ઘણા છે તે પણ બિચારા દુઃખ-દારિદ્રમાં જીવન પસાર કરી રહ્યા છે.

● વિદ્વાન-પંડિતો પણ ક્યાંય રહ્યા નથી જે થોડા ઘણા રહ્યા છે તે પણ મદ-અભિમાનથી ભરેલા છે.

● રાજાઓ પણ હવે પહેલા જેવા રહ્યા નથી જે કોઇ (પ્રધાનો-અધિકારીઓ) રાજા જેવા થોડા ઘણાં છે તે પણ લોભવૃત્તિને કારણ લોકોનું શોષણ કરી ધન લૂંટનારા જ રહ્યા છે.

● અને, આ પૃથ્વી પર હવે પહેલાંના જેવા ઉદાર હૃદયના દાનવીરો પણ રહ્યા નથી અને જે કંઇ થોડા ઘણાં છે તે પણ બદલા અને સેવા-ચાકરીની અપેક્ષાએ જ દાન આપે છે.

સુવિચાર

- ઇચ્છા થાય એવું આચરવા લાગીયે, ને ઇશ્વરની મરજી એમ બોલીએ.. જાણતા અજાણતા કિધેલા પાપ સૌ, કર્મોની સાથે અમે જોડીએ - **મેઘબિંદુ**
- દુઃખથી ડરાય નહીં અને એ આવે ત્યારે તેને 'વળતો જવાબ' આપ્યા વગર જવાય ન દેવાય, એમ પણ બને કે દુઃખના આક્રમણ સામે તમે ટકી ન શકો, પણ દુઃખ ને તમે 'ભારે પડ્યા છો, એ વાતની નોંધ તો સમયના ચોપડામાં નોંધાવાની જ - **ડૉ. ચંદ્રકાન્ત મહેતા**
- ટાઢ-તાપ, ભય-અનુરાગ, સંપત્તિ-દરિદ્રતા જેવા કાર્યને અવરોધી શકતાં નથી, એ જ સાચો પંડિત - **ભાણદેવ**
- સમજણ સંયમનું સંતાન છે, આવેશ માણસને ધક્કો મારે છે.. સંયમ માણસને જાળવે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- કારકિર્દી એટલે મર્દાનગી, બહાદુરી, હિમ્મત અને કુશળતાપૂર્વક સંનિષ્ઠાથી કામ કરવાની વણલખી પ્રતિજ્ઞા - **અઝીમ પ્રેમજી**
- 'પતન' માટે બહુ મથવું પડતું નથી, દોષો તો સમયે કસમયે ટપકી પડવા માટે આતુર હોય છે.. ગુણોને આવકારવા માટે ઉદ્યમી યજમાન બનવું પડે છે - **ચંદ્રકાન્ત બક્ષી**
- તપવા માટે તાલાવેલી, ખપવા માટેની ખામોશી અને મૂલ્ય ચુકવવા માટેની મર્દાનગી એ માણસના ખમીરને ઓળખવાની પારાશીશી છે - **જનકલ્યાણ**

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

આપણે જાણે અમરપટ્ટું લખાવીને આવ્યા હોઇએ એમ સુખ-સમૃદ્ધિમાં આળોટીએ છીએ અને પાપનાં પોટલાં બાંધીએ છીએ. જાણે કોઇ જોતું નથી અને મને કોણ પૂછનાર છે?!

એક દુષ્ટ-પાપી વેપારી જે હંમેશા વેપારમાં છળકપટ-ભેળસેળ-દગાખોરી કરતો હતો તેનો આત્મા એક દિવસ મુંઝારો અનુભવવા લાગ્યો. તે સંત એકનાથ પાસે ગયો અને પશ્ચાતાપ સાથે કહેવા લાગ્યો - મહારાજ! મારા મનમાંથી દુષ્ટ વિચારો અને પાપાચાર જતાં જ નથી મને કંઇ ઉપાય બતાવો!

સંત એકનાથ આંખો મીંચી કંઇ જોતા હોય તેમ કહ્યું - શેઠ! જે થઇ ગયું તે થઇ ગયું. હવે તમે માત્ર સાત દિવસના મહેમાન છો. માટે ઘેર જઇ જેના જેના નાણા દબાવ્યાં હોય તે પાછાં આપી માફી માગો અને જે કંઇ ધર્મ-ધ્યાન-દાન-પુણ્ય થાય તે કરી છ દિવસ પસાર કરો..

શેઠ દોડતા ઘરે ગયા. બધાના હિસાબ ચૂકતે કરી માફી માગી. ધર્મ-દાન-પૂણ્ય કર્યાં. હળવાફૂલ થઇ ગયા. સાતમો દિવસ હતો શેઠ મૃત્યુની રાહ જોતાં ભજનમાં બેઠા હતા. ત્યાં એકનાથ આવ્યા. શેઠ પગે લાગ્યા. એકનાથે પુછ્યું શેઠ આ છ દિવસમાં તમે કંઇ પાપ-દુરાચાર કર્યા?

શેઠ કહે - અરે મૃત્યુ સામે દેખાતું હોય ત્યારે એવો વિચાર ક્યાંથી આવે? એકનાથ કહે - શેઠ જિંદગી એવી રીતે જ જીવો - તમને મૃત્યુ આવવાનું નથી પણ તમને સુધારવા માટે જ આ ઉપાય બતાવ્યો.

Email - sureshchandrabhatt18@gmail.com

વ્યક્તિના કર્મ પરથી તેની સજ્જનતા કે દુર્જનતા મપાય છે

સંસ્કાર ચિંતન

- અનંત ન. વ્યાસ

'વિદ્યા વિવાદાય, ધન મદાય, શક્તિપરેષાં પર પિડ્નાય,
ખલસ્ય સાધો વિપરિત એત્દ જ્ઞાનાય દાનાય સંરક્ષણાય'

● દુર્જન માણસો વિદ્યા વિવાદ માટે, ધન મદ માટે તથા શક્તિ અન્યને પિડા કરવા વાપરે છે, જ્યારે સજ્જનો તો જ્ઞાન માટે, દાન માટે તથા લોકો-રક્ષણ માટે પ્રયોજે છે.

- સુભાષિત

સંસ્કૃત સુભાષિતો એટલે ગાગરમાં સાગર, જ્ઞાન-સમજ તથા સંસ્કાર પ્રદાન માટે વિશ્વભરમાં સુભાષિતો જાણીતા છે. સુભાષિત ભંડારમાં અનેક તેજસ્વી રત્નોનો સંગ્રહ કરાયો છે. સુભાષિતો તો વ્યાપક સમજ તથા જ્ઞાનની મુડી છે. જેમ કહેવતોમાં સમાજ અને સંસ્કારનું પ્રતિબિંબ પડે છે તેમ સુભાષિતોમાં સંસ્કાર તથા સંસ્કૃતિ પડઘાય છે. વિદ્યા-ધન તથા જ્ઞાન તો પરમતત્ત્વ પરમેશ્વર છે તરફથી સૌને કક્ષા પ્રમાણે આપવામાં આવે છે. પરંતુ ટૂંકી દૃષ્ટિ ધરાવતો માણસ આ તત્ત્વોને સર્વસર્જિત માનવા લાગે છે. પોતાના અહંને કેન્દ્રસ્થાને સ્થાપતી પાશ્ચાત્ય સંસ્કૃતિની અસર આપણે વધારે ઝીલી છે. પશ્ચિમની સંસ્કૃતિની મોટામાં મોટી દેન તો આપણા મનમાં સ્વાર્થવૃત્તિ જગાડવામાં છે. આપણી મૂળભૂત વિચારધારામાં સ્વાર્થને ક્યારેય સ્થાન અપાયું નથી. પોતાના પાસે જે કંઇ હોય તેનો પરમાર્થે સદ્-ઉપયોગ કરવો તેવું જ્ઞાન ગુરૂઓ આપતા. પૂ. રવિશંકર મહારાજે એક આદિવાસી ખેડૂત (ઋષિ)નું ઉદાહરણ જણાવ્યું છે. તેઓ કહેતા 'દાણા ખાવા માટે' જ હોય. તેનો સંગ્રહ વેપાર ન કરાય, લોકો ભલે ખાવા લઇ જાય. આ પ્રકારની દૃષ્ટિ નાનામાં નાના માણસમાં હતી. પૂ. વિનોભાને તેની માતા કહેતા, 'વાડીમાં પ્રથમ જે ફણસ ઊતરે તેમાં સૌનો ભાગ છે. એકલપેટા ન ખવાય ઘણા લોકો આજે પણ ઘરમાં નવું ફળ પ્રથમ વખત આવે ત્યારે ભગવાનના ચરણે ધરે છે. આ સંસ્કારનો ધીમે ધીમે લોપ થતો જાય છે. કારણ પાશ્ચાત્ય વિચારધારા સ્વ જાત સિવાય અન્યનો વિચાર કરવાનું નથી શીખવતી. લોકો વધારેમાં વદારે સ્વકેન્દ્રી બનવા લાગ્યા છે. 'દેવા કરતા લેવાની પ્રવૃત્તિ વધારે ચાલે છે.'

ઉપરોક્ત સુભાષિતમાં પરમાત્મા તરફથી મળતી ત્રણ અમૂલ્ય ભેટની વાત કરી છે. વિદ્યા-ધન તથા શક્તિ, ભગવાન આપણને પૂર્ણ બનાવી સમાજમાં રમતા મેલી દે છે. પછીની રમત તો આપણે રમવાની છે. એટલે કે આપણને મળેલ ભેટનો સદ્-ઉપયોગ કરવો કે દૂરપયોગ કરવો તે માટેના કોઇ નિયમ-નિષેધ નથી. કર્મ કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા માનવ ભોગવે છે, તેવી કેવા કર્મ કરવા તે સ્વવિવેક પર આધાર રાખે છે. મળેલ ભેટને પ્રયોજવાની આપણી પ્રક્રિયાના આધાર પર સજ્જન કે દુર્જનના વિભાગ પડે છે. દુર્જનો પોતાના સ્વભાવ, રસ અને રૂચિ પ્રમાણે તે વાપરે છે. સુભાષિતમાં પ્રથમ પંક્તિમાં ખલ-પુરૂષો કેમ પ્રયોજે છે તે દર્શાવ્યું છે. દુર્જનોને પ્રથમ મુક્યા કારણ સમાજમાં દુર્જનોનું પ્રભુત્વ જ વધારે હોય છે. કહેવત છે કે 'જેણે મુકી લાજ, તેને નાનું સરખું રાજય'.

દુર્જનો વિદ્યા કે જ્ઞાનનો ઉપયોગ વિવાદ-વિતેડાવાદ તથા અનૈતિક તર્કોમાં કરે છે. અધકચરું જ્ઞાન મળે તો ફૂલીને ફાળકો થાય. સામી વ્યક્તિની કક્ષા વિચાર્યા વિના આવા લોકો દલીલોમાં ઉતરી પડે છે. જે ને ત્યાં પોતાના પાંડિત્યનું પ્રદર્શન કરતા ફરે છે. સાદા સરળ શબ્દોથી પણ જે વ્યક્ત થઇ શકે તે માટે ભારેખમ શબ્દો પ્રયોજે છે. અખાના શબ્દોમાં ગુરૂ થયો ત્યાં મણમાં ગયો. જ્ઞાનનો સદ્પયોગ કરવા કરતા અયોગ્ય ઉપયોગ કરે છે.

જ્યારે સજ્જન માણસ - સાચો સંત ક્યારેય પોતાના જ્ઞાનનું પ્રદર્શન કરતો નથી. માણસ જેમ જેમ જ્ઞાની થતો જાય તેમ તેમ નમ્ર બનતો જાય છે. તેની વાણી સહજ-શાંત તથા મીઠાશભરી હોય છે. તેમાં ક્યાંય આડંબર કે અતિશયતા ન જણાય. પોતે જે જાણે છે તે લોકોમાં પીરસવા સદા તૈયાર રહે છે. સાધુઓ જ્ઞાનનું પરબ માંડી બેસે છે હાટ નથી ખોલતા. સાચી વાત હોવા છતાં તે પોતાની વાત સત્ય છે તેને વળગી રહી કલેશ નથી કરતો. જો કોઇ તેના જ્ઞાનના વખાણ કરે તો નમ્રતાથી કહે છે. ભાઇ પરમાત્મા બોલાવે તેમ બોલું છું. આમાં મારું કંઇ નથી. આવા સંતો સાથેનો થોડો સત્સંગ પણ પાપ ધોનારો હોય છે.

જ્ઞાન કે વિદ્યા પછી - ધન સંપત્તિનો ઉલ્લેખ છે. કુમાર્ગે મેળવેલ સંપત્તિ અહંભાવી બનાવે છે. ધનવાનો ધનના મદમાં અભિમાનમાં રાચતા હોય છે. જરા પણ પરસેવો પાડ્યા વિના માત્ર શેર-બજારની યાત્રાથી ધનવાન થઇ ગયેલાઓના અભિમાન આભે અડે છે. વર્તમાન-પત્રોમાં આવે ધનવાન નબિરાઓના પરાક્રમોની કથાઓ અવારનવાર આવે છે. ત્યારે આપણને થાય કે આ શું?

અચાનક અને અયોગ્ય માર્ગે થયેલી ધન-વર્ષા માનવીના ચિત્તમાં રહેવા થોડાં ઘણાં વિવેકનો પણ નાશ કરે છે અને ભર્તુહરિ કહી ગયા છે કે તેમ પોતાનો તથા અન્યનો વિનિપાત નોતરે છે. નાણાંની રેલમછેલ તમામ સંસ્કારોને ભુલાવે છે. ક્લબ - પાર્ટી અને અખાદ્ય ભોજન, દારૂ તથા અન્ય વ્યસનો તેઓના જીવનના અંગો બની જાય છે. ધનના મદમાં અન્ય વ્યક્તિઓને નુકશાન કરવું. પોતાની ગાડીની ઠોકરે કોઇના લાડકવાયાને ઉડાડી હસવું - કાયદાની પકડમાંથી છુટવા ભ્રષ્ટાચાર - લાંચ - રૂશ્વત આપવી. પોતાના દુષ્કર્મો માટે પસ્તાવાને બદલે અન્યને દોષિત ઠેરવવા - ઇત્યાદિ કર્મો આવા ધનવાનો કરતા રહે છે. પરંતુ આ સંપત્તિ જો સંતના હાથમાં આવે તો સમાજમાં મોટા પરિવર્તનો થઇ શકે. સજ્જનો પોતાની સંપત્તિનો ઉપયોગ સત્કાર્યોમાં દાન દેવામાં, જ્ઞાનનો પ્રચાર કરવામાં કરે છે. સમાજના હિત માટે જ સંપત્તિનો ઉપયોગ કરે છે. ઇશ ઉપનિષદમાં જણાવ્યા પ્રમાણે તો તમામ સંપત્તિ પરમાત્માની છે. જૂના સમયમાં ગામનું મહાજન સમસ્ત સમાજના હિતનું ચિંતન કરતું. વાવ-કુવા-ધર્મશાળા તથા ગામને પાદર ખોયા - બંધાવવા - પાણીના પરબ ચલાવવા - ચબૂતરામાં ચણની વ્યવસ્થા કરવી. પાંજરાપોળોમાં ખોડા ઢોરોનું ધ્યાન રાખવું, જેવી સદ્ પ્રવૃત્તિઓ ધનિક સંસ્કારી માણસો પોતાનું ધન વાપરતા, કીર્તિદાન કરતાં, ગુપ્તદાનનો મહિમા હતો. ચાણક્ય નીતિ જણાવે છે કે એકત્રિત થયેલ ધન જો સારા માર્ગે ન વપરાય તો ચોરી થાય. આગ લાગે અને ત્રીજી પેઢીએ ભીખ માગવાનો સમય આવે.

ત્રીજી મહત્ત્વની બાબત સત્તા છે. સત્તા શું કરી શકે તેના વિશિષ્ટ ઉદાહરણો સાંપ્રત સમાજમાંથી મળતા રહે છે.

સત્તાનો નશો દારૂના નશા કરતાં દસગણો વિશેષ હોય છે. દારૂનો નશો તો સમય થતાં ઊતરે - પણ સત્તાનો નશો તો વધતો જાય. એક વખત સત્તાસ્થાને આવ્યા પછી સત્તા છોડવાનું ગમતું નથી. સત્તા પ્રાપ્ત કરવા રાજગાદી મેળવવા અગાઉ ખૂનો થતાં, ફટપટો થતી ને બળવા થતાં. આજે પણ આ ત્રણે જુદા સ્વરૂપે થાય જ છે. સત્તા ધારી કોઇનો વિરોધ સહન નથી કરી શકતા. જો કે સામાન્ય પ્રજા તો કાયમ શાંત અને નિર્દોષ હોય છે પણ ખલ-પુરૂષોની સત્તા સમાજને વધારેમાં વધારે પીડે છે. રસ્તે ચાલતો કોન્સ્ટેબલ પણ પોતાની લાકડી કારણ વિના કોઇ લારી માથે ફટકારતો હોય છે. દુર્જનો પાસે સત્તા જો સાધુ સ્વભાવના માણસો પાસે હોય તો સમાજ સુખી થાય છે. રાજાઓ તો ઘણા થઇ ગયા છતાં આપણે રામરાજય યાદ કરીએ છીએ. વિદ્યા - ધન તથા સત્તા તો સાધનમાત્ર છે. તેનો ઉપયોગ કરનાર તેને કેમ પ્રયોજે છે. તે જ મુખ્ય વાત છે. સારા માણસના હાથમાં આવેલી સત્તા લોકોમાં શાંતિ પ્રસરાવે છે. સ્થાનિક અમલદારો સારા હોય તેવું સમાજ ઇચ્છતો હોય છે. સમાજના વિવિધ વર્ગોને સત્તા સ્થાને રહેલી વ્યક્તિઓ સાથે અવારનવાર સંપર્ક આવવું પડે છે. ત્યારે તેના વાણી, વર્તન તથા વ્યવહારથી લોકો ત્રાસ અનુભવે છે કે શાંતિ... તે પરથી જ વ્યક્તિનું મૂલ્યાંકન થઇ શકે સુભાષિત તો માર્ગદર્શક સિદ્ધાંત આપે છે. વ્યક્તિના કર્મ પરથી તેની સજ્જનતા કે દુર્જનતા મપાય છે.

પાકા શેતૂર ઠંડા છે, પિત્તને શાંત કરે છે અને શરીરની ગરમી દૂર કરે છે, ઉનાળામાં તેનો ઉપયોગ કરી શકાય, વળી પાકા શેતૂર હૃદયને હિતકર તથા વાયુનું અનુમોલન કરનાર પણ છે, ઉનવા, શરીરની બળતરા આદિમાં પાકા શેતૂરનું સેવન હિતકર છે

શેતૂર નિરામય

- ડો. કેદાર ઉપાધ્યાય

આચાર્યોના કહેવા પ્રમાણે પૃથ્વી પરની દરેક ચીજ કાલગ્રસ્ત છે. એટલે કે સમય જતા (સમય - પસાર થતાં) ભૂલાઇ જાય છે. કદાચ આ કારણે જ સમયને શ્રેષ્ઠ ઓસડ કહ્યું છે. ખરાબમાં ખરાબ દુઃખદાયક એવી ઘટનાઓ પણ સમય પસાર થતાં મનના પરદાઓ પરથી ખસવા લાગે છે. એવું જ દુનિયાની તમામ ઘટનાઓ, વ્યક્તિઓ કે વસ્તુઓનું છે. એમાંય આજની પેઢીમાં તો બધુ તત્કાલિન જૂનું થઇ જાય છે. કોઇ પણ ઘટના કે વસ્તુ એકાદ અઠવાડિયાથી વધુ સમય સુધી તાજી રહેતી નથી.

ઉપરનો ફકરો લખવાનું કારણ એ કે આવી જુની થઇ ગયેલી અનેક ચીજોમાં એવા અનેક ખાદ્ય પદાર્થો, ફળો અને વાનગીઓ પણ છે કે જે હવે લગભગ ભુલાવા લાગ્યા છે. એમાનું એક ફળ એટલે શેતૂર. આજના મેટ્રો સીટીમાં રહેતા અનેક યુવાનોએ કદાચ શેતૂર જોયા પણ નહિં હોય. (ચાખવાની વાત તો દૂર રહી) આ શેતૂર આમ તો ફળની કેટેગરીમાં ન આવે કારણ કે શેતૂર એ ફૂલના ગુચ્છાના સમૂહમાંથી બનેલ માવા સાથેનો બીનો સમૂહ છે. તેમાં નાના-નાના રાઇ જેવા દાણાઓ લાગેલા હોય છે. આમ તો શેતૂર ભારતમાં સર્વત્ર થાય છે. તેને નદીકાંઠાની કાંપવાળી ગોરાડું જમીન વધુ માફક આવે છે.

શેતૂરની ત્રણ જાતો છે. કાળી, સફેદ અને રાતી. શેતૂરના ઝાડ રેશમના કીડાઓ ઉછેરવા માટે પણ ઉપયોગમાં લેવાય છે. આમા કાળી અને સફેદ જાત વધુ ઉપયોગમાં લેવાય છે. શેતૂર પાકા હોય તો ખૂબ મીઠા લાગે છે. પાકા શેતૂરનું શરબત પણ બને છે. ઉનાળામાં સાકારવાળા શેતૂરનું શરબત લૂ થી રક્ષણ આપે છે. કાચા શેતૂર ખાટ્ટા હોય છે. તેનો ઉપયોગ ખાટી ચટણી બનાવવામાં થાય છે. શેતૂર આંતરડાની ગતિને વધારે છે. આથી કબજીયાતના રોગીઓ માટે શેતૂર ખૂબ ફાયદાકર છે.

શેતૂરનું લાકડું ખૂબ મજબૂત હોય છે. જલ્દીથી તૂટતું નથી. તેના લાકડામાંથી સળીઓ બનાવીને ટોપલી આદિ બનાવવામાં આવે છે. રેશમના કીડા ઉછેરવા માટેનો શેતૂરનો ઉપયોગ તો જાણીતો જ છે ચીન જેવા દેશો કે જેમાં રેશમ ઉદ્યોગ વર્ષોથી ફુલેલ-ફાલેલ છે, ત્યાં શેતૂરના અઢળક વૃક્ષોનું વાવેતર છે. શેતૂરનું લાકડું પવિત્ર મનાય છે. યજ્ઞમાં સમિધ તરીકે તેના લાકડાનો ઉપયોગ થાય છે. સંસ્કૃતમાં શેતૂરના લાકડાને બ્રહ્મદાર તથા વિપ્રદાર પણ કહ્યું છે.

પાકા શેતૂર ઠંડા છે, પિત્તને શાંત કરે છે અને શરીરની ગરમી દૂર કરે છે. ઉનાળામાં તેનો ઉપયોગ કરી શકાય, વળી પાકા શેતૂર હૃદયને હિતકર તથા વાયુનું અનુમોલન કરનાર પણ છે. ઉનવા, શરીરની બળતરા આદિમાં પાકા શેતૂરનું સેવન હિતકર છે.

કાચા શેતૂર પ્રકૃતિએ ગરમ છે. તે રક્તપિત્ત કરનારા છે. અધકચરા પાકા શેતૂર આંતરડાની ગતિને ખૂભ વધારનારા હોવાથી ક્યારેક વધુ પ્રમાણમાં ઝાડા થઇ જાય છે. જ્યારે શેતૂરના બધા જ બીજ આંતરડામાંથી નીકળી જાય ત્યારે જ ઝાડા શાંત થાય છે.

શેતૂરની છાલ કૃમિ દૂર કરનાર છે. છાલનો ઉકાળો કરીને બાળકોને પાવાથી બાળકોમાં થતી કૃમિ મટે છે. શેતૂરના પાન મોંના ચાંદા મચાડે છે. શેતૂરના ફળો પુષ્ટિદાયક પણ છે. જ્ઞાનતંતુની નબળાઇ, હિસ્ટેરીયા, વાઇ, ઉન્માદ જેવા રોગોમાં શેતૂરના ફળોનું સેવન લાભપ્રદ થઇ શકે.

ઉનાળા-ચોમાસા દરમિયાન શેતૂર ક્યારેક બજારમાં જોવા મળી જતા હોય છે. જો કે તાલુકા-ગ્રામ્ય કક્ષાએ કદાચ વધુ સરળતાથી જોવા મળી શકે. ગીરમાં તેમજ કાઠિયાવાડમાં રસ્તા પર શેતૂર વેચનારા ને જોયા છે. ક્યારેક આવા ફળોનો સ્વાદ લેવો જોઇએ. શેતૂર કોઇ વેબસાઇટ પર ઓર્ડર આપીને ખરીદી શકાતા હોત તો ઘણાખરાં લોકોએ તેનો સ્વાદ ચાખી લીધો હોય. જો કે શેતૂરની સિઝનમાં ગામડે આંટો મારી આવીને સ્વાદ માણી લેવો વધુ સારો. એ બ્હાને જે બે ઘડી કુદરત સાથે રમવા મળે એ...

લઘુ અખબાર અને સરકારની નીતિ - એક સમીક્ષા

મોરપીંછના રંગ

- ડૉ. કનૈયાલાલ ભટ્ટ

લઘુ અખબારની સામાજિક ભૂમિકા અને એ સંદર્ભે રાજ્ય સરકારના પ્રયાસો ઉપર આજે ફરીથી એકવાર વિચારણા કરવાનો સમય પાકી ગયો હોય એવું લાગે છે. સૌ પ્રથમ લઘુ અખબારની સાચી વ્યાખ્યા સમજવાની જરૂર છે. માત્ર બે-ચાર -છ કે બાર પાનાનું ફરફરિયું... એવી સંકુચિત માનસિકતામાંથી આપણે અને સરકારે બહાર નીકળીને એનું થોડું વિશાળ દૃષ્ટિથી મૂલ્યાંકન કરવું જોઈએ.

સ્થળ-કાળની દૃષ્ટિએ વિચારીએ તો પ્રાદેશિક પણ નહીં એવા નાના અંતરિયાળ વિસ્તારોમાં ઘેર ઘેર પહોંચીને નાના માણસોના મોટા પ્રશ્નોને વાચા આપીને છેક સરકાર સુધી પહોંચાડવાની કપરી કામગીરી લઘુ અખબારોની છે. લોકલ ધારાસભ્યો-સંસદસભ્યો કે સરકારી અધિકારીઓ પાસે જે લોકો જઈ શકતા નથી-પહોંચી શકતા નથી એવા લોકોની મૂંગી વ્યથાને વાચા આપવાનું કાર્ય લઘુ અખબારોનું છે.

લઘુ અખબાર સામાજિક અને રાજકીય વ્યવસ્થાને માત્ર આંગળી ચીંધતું એક સક્ષમ પરિબળ છે. નહીં કે કોઈ એકાદ વ્યક્તિ કે જૂથની તાકાત...! લઘુ અખબારે ગ્રામ્ય અને નાના-નાના શહેરોમાં આપણી સામાજિક સંસ્કૃતિને-વ્યવસ્થાને જાળવવાનું અને પ્રોત્સાહિત કરવાનું કાર્ય કરવાનું છે. સરકારશ્રીની નાની-મોટી યોજનાઓને ગામડા સુધી ઘેર ઘેર રજુ કરીને એની મહત્વતા સાવ સાદી-ભાષામાં પ્રસિદ્ધ કરવાની છે લઘુ અખબારમાં છપાયેલા સમાચારો-ભાષા-અક્ષરો-વિચારો... શ્વેત હોવા જોઈએ નહીં કે...પીળા..

પરંતુ આજે આ બધુ શક્ય છે ખરું ? એવો પ્રશ્ન આપણને ઉદ્ભવે...! જો લઘુ અખબારો જ પોતાની ભૂમિકામાં ખરા નહીં ઉતરે તો સરકાર ક્યાંથી ઊતરે ? આજે માત્ર ગુજરાતમાં જ નહીં પરંતુ ભારતભરમાં (અમુક અપવાદોને બાદ કરતા) લઘુ અખબારોની ભૂમિકા સામે અનેક પ્રશ્નો ઊભા છે. જે પોતાની ભૂમિકા નિષ્ઠાથી નિભાવે છે એને લોકો હોંશે હોંશે વાંચે પણ છે. આ અખબારો લઘુ હોવા છતાં દૈનિક અખબારોથી વધારે ભાવે વહેંચાય છે. એ એની સફળતાનું પ્રમાણ છે. બાકી મોટાભાગના લઘુ અખબારો શું કરે છે એ પણ જાણવાની જરૂર છે. આજે પીળું પત્રકારત્વ વધી રહ્યું છે. એના કારણોમાં આડેધડ અખબારોની મંજૂરીથી અખબારોનો ભરાવો અને મહદઅંશે સરકારની નીતિ જેને કારણે સાચા અને સારા લઘુ અખબારોને સહન કરવું પડે છે.

સરકારી નીતિ સંદર્ભે જોઈએ તો છેલ્લા થોડાક વર્ષથી સરકાર લઘુ અખબારો ઉપર ખુલ્લી તલવાર લઈને ત્રાટકી છે. એ આવકાર્ય છે પરંતુ સડી ગયેલા વૃક્ષના પાંદડા કે ડાળીઓ કાપીને ધાર્યું પરિણામ નહીં મેળવી શકાય એવા વૃક્ષના મૂળ સુધી જવું પડશે. સરકારે આ માટે યોગ્ય વિશ્લેષકો બોલાવી બે દિવસ ચર્ચાઓ કરી એના મૂળ સુધી પહોંચવું પડશે આ અંગે બે-ચાર સૂચનો જોઈએ તો,

(૧) હવેથી નવા અખબારો શરૂ કરવા માટેની ચોક્કસ લાયકાત હોવી જોઈએ જેને કારણે પત્રકારત્વની ગરિમા જળવાશે.

(૨) રજિસ્ટ્રાર ઑફ ન્યૂઝ પેપર - નવી દિલ્હી ખાતે અમુક ચોક્કસ રકમ ફી તરીકે લેવી જોઈએ.

(૩) દિલ્હીથી મંજૂરી મળ્યા બાદ કલેકટર કચેરી ખાતે-કલેકટરશ્રી-માહિતી અધિકારી-બે વરિષ્ટ પત્રકારો દ્વારા મૌખિક/લેખિત ઈન્ટરવ્યુ થવું જોઈએ. પાસ થયા તો જ ડેકલેરેશન કરવા દેવું જોઈએ ! નહિતર નાપાસ જાહેર કરી મોટા દૈનિકમાં બે વર્ષની તાલીમ માટે અથવા પત્રકારત્વની ડિગ્રી-ડિપ્લોમા કોર્ષની ભલામણ કરવી જોઈએ.

- આવું ઘણું બધું થઈ શકે છે. જો સરકાર સાચું ઈચ્છે છે અને યોગ્ય વિચારે તો અને આ અઘરું પણ નથી. વ્યવસ્થાતંત્ર ગોઠવાયેલું જ છે માત્ર યોગ્ય દિશા આપવાની જરૂર છે.

આજે લઘુ અખબારી પત્રકારત્વ અવળી દિશાએ જઈ રહ્યું છે એના કેટલાક કારણોમાં એક કારણ સરકારી વ્યવસ્થાની ખામી છે. સરકારશ્રીના પત્રકારત્વના નીતિ-નિયમોમાં ઘણા નિયમો ખામી ભર્યા છે. કેટલાંક નિયમો લાંબુ વિચાર્યા વિનાના છે. દા.ત. એક્રેડિટેશન કાર્ડ માટે સી.એ. સર્ટી અને એ પણ પાંચ હજારથી વધુ નકલોનું (આવા સી.એ. પ્રમાણપત્રો ૫૦૦/૧૦૦૦ રૂપિયામાં મળે છે) ગુજરાતના મોટાભાગના લઘુ અખબારો ૫૦થી શરૂ કરીને ૫૦૦ સુધીની નકલો છપાવીને પાંચ હજારથી વધુ ફેલાવાનું સી.એ. પ્રમાણપત્ર રજૂ કરી દે છે અને ચાલે પણ છે. શું અર્થ છે આવા પ્રમાણપત્રોનો ? નકલો ૫૦ છપાવો કે ૫૦૦. ચોરી ૫૦ રૂપિયાની કરો કે પાંચ હજારની... ગુહ્નો સરખો જ લાગુ પડે છે. અહીં સૌ કોઈ ખોટું કરે છે અને કરવું પણ પડે છે કેમકે સરકાર લઘુ અખબારો ચલાવવા કશું કરતી નથી. જે જાહેર ખબરો આખા વર્ષ દરમિયાન આપે છે. એનાથી તો એક મહિનાના અંકો પણ છાપી શકાય નહીં. તો આખુ વર્ષ અખબાર કેમ ચલાવવું ? વળી સરકારશ્રીનો નિયમ છે કે લઘુ અખબારનો તંત્રી નોકરી કે વ્યવસાય કરી શકે નહીં. આ નિયમ પણ અસંગત છે. આને કારણે તંત્રી બિચારો 'પોતાની' અને 'કલમ'ની તાકાતનો ઉપયોગ કરી લે છે જેને આપણે પીળું પત્રકારત્વ કહીએ છીએ. એક સામાન્ય લઘુ અખબારનો ઓછામાં ઓછો વાર્ષિક ખર્ચ એકથી દોઢ લાખ રૂપિયા થાય છે. અને જો નિયમ મુજબ ફેલાવો (૫૦૦૦થી વધુ નકલો) કરે આ ખર્ચ પાંચેક લાખ રૂપિયા સુધી પહોંચે છે અને સરકાર જાહેરાત આપે છે. વાર્ષિક ૨૦થી ૨૫ હજારની અને ઉપરથી 'નોકરી-ધંધો નહીં કરવાનું સોગંધનામું' પીળા પત્રકારત્વનું મૂળ અહીંયા છે. સરકારે આ સંદર્ભે ફેરવિચારણા કરવાની પણ જરૂર છે. આ તો થયું એવું કે છોકરા જણતા-જણી નાખ્યા પણ હવે ખવડાવવાનું શું ? તેથી એક પછી એકને ગળે ટૂંપો આપીને... જે લઘુ અખબારોને મંજૂરી મળી છે. બે-ચાર-આઠ-દસ-વીસ વર્ષથી નિયમિત ચાલે છે. એની ઉપર ખૂલ્લી તલવાર વિંઝવાની જરૂર નથી. જરૂર છે નવા જન્મતા અખબારોને રોકવાની અને સી.એ. સર્ટી, સોગંદનામુ વગેરેમાંથી મુક્તિ આપવાની. એની સામે કોઈ અખબાર વ્યક્તિગત નેગેટિવ સમાચાર છાપે તો કડક પગલાં પણ લેવા. બાકી હાલ અસંખ્ય નાના-નાના પરિવારો આ લખુ અખબારો ઉપર નભી રહ્યા છે એ પણ સરકારે ન ભૂલવું જોઈએ.

આજનું અત્યાધુનિક મલ્ટી મીડિયા ગમે તેટલી હરણફાળ ભરે પરંતુ તે ગામડે-ગામડે ઘેર-ઘેર તો પહોંચી શકશે જ નહીં. એ કાર્ય માત્ર લઘુ અખબારો જ કરી શકે છે. જેને ચલાવવા સરકારે માહિતી ખાતાએ નવી માનસિકતા કેળવી વિચારણા કરવાની જરૂર છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)